લાપરવાહીથી ફરી કોરોનાનો પગ પેસારો

હિંમતનગર શહેરમાં ૨ કોરોના પોઝીટીવ કેસથી તંત્ર ઉંધા માથે : વૃદ્ધ દંપત્તિ કરોનાની ઝપેટમાં - અન્ય ૧ શંકાસ્પદ

બાયડ, તા. ૯

દિવાળી પર્વ દરમ્યાન પ્રજાએ દાખવેલી લાપરવાહીના ગંભીર પરીણામોની શરૂઆત થઈ ચૂકી છે. હિંમતનગર શહેરની બોમ્બે સોસાયટીમાં વૃદ્ધ દંપતિ કોરોનાની ઝપેટમાં આવતાં સ્થાનિક આરોગ્યતંત્ર ઉંધા માથે થયુ છે જ્યારે પરિવારના એક મહીલાને શંકાસ્પદ લક્ષણો જણાયા છે.

કેન્દ્ર સરકાર, આરોગ્યતંત્ર અને ખુદ વહીવટીતંત્રએ પ્રજાને દીવાળીના પર્વ દરમ્યાન સાવચેતી રાખવા જણાવ્યુ પરંતુ લાપરવાહ પ્રજાએ માસ્ક પહેરવાનું ભુલવાની સાથે સોશ્યલ ડીસ્ટન્સ પણ ભુલી જતાં દિવાળી દરમ્યાન શોપીંગ મોલ, બજાર વગેરેમાં એકત્ર થયેલી ભીડના કારણે કોરોના સંક્રમણ ફરી વકરી રહ્યાના અહેવાલ છે. સાબરકાંઠાના પાટનગર હિંમતનગરની બોમ્બે સોસાયટીમાં રહેતુ વૃદ્ધ દંપતિ દિવાળી પર્વમાં ખરીદી માટે અમદાવાદ ગયા પછી તબીયત બગડી અને ટેસ્ટ કરાવતાં દંપતિ કોરોના પોઝિટીવ હોવાનું બહાર આવતાં તંત્રએ તકેદારીના ઉચિત પગલાં ભરવાની શરૂઆત કરી છે. પરંતુ શહેરમાં ફરી ડોકાયેલો કોરોનાનો રોગચાળો પ્રજા વેપારીઓ માટે મુશ્કેલીની સ્થિતિ લાવી દીધી છે. જ્યારે દંપતિ પરિવારમાં વધુ એક સભ્યને પણ કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા રીપોર્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યુ છે. આવનારા દિવસોમાં ઈડર, ખેડબ્રહ્મા, મોડાસા, બાયડ, તલોદ, પ્રાંતિજ, મેઘરજ વિસ્તારમાં કોરોનાના કેસમાં ઉછાળો આવે તેવી પૂરેપૂરી દહેશત છે.

મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલને પૂછપરછ માટે સાયબર ક્રાઈમ પોલીસ અમદાવાદ લાવી

હિંમતનગર, તા. ૯

મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલને અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ પોલીસ મંગળવારે તપાસ માટે અમદાવાદ લઈ આવતાં હલચલ મચી છે. મહીલા અધિકારીને છેલ્લા ૧ વર્ષથી હેરાનગતિના મુદ્દે પૂછતાછ માટે લાવવામાં આવ્યા હોવાનું ચર્ચામાં છે.

કેટલાક અધિકારીઓના કારણે સારા અધિકારીઓની છબી ખરડાઈ રહી છે. અરવલ્લી જિલ્લાના મોડાસામાં પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા મયંક આર. પટેલને ઓફિસ સમય

દરમ્યાન સાયબર ક્રાઈમ પોલીસ તપાસ માટે લઈ જતાં અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે. જ્યારે અધિકારીની પૂછતાછનો મામલો ગાંધીનગર સચિવાલય સુધી ચર્ચાના એરણમાં આવ્યો છે. પ્રાંત અધિકારી દ્વારા છેલ્લા ૧ વર્ષથી એક મહીલા અધિકારીને પજવણીના આરોપ સંદર્ભે પૂછતાછ માટે લઈ જવાયાનું બહુમાળી ભવનમાં ચર્ચાતુ હતુ પરંતુ સક્ષમ અધિકારીઓ કંઈ બોલવા તૈયાર નથી. પરંતુ મામલાની ભીતરમાં અનેક ચોકાવનારી ઘટનાઓ બહુમાળી ભવનમાં હલચલ મચાવી શકે છે. આવનારા દિવસોમાં આવા ૨ થી વધુ મામલા પણ પ્રકાશમાં આવવાની ઈન્તેજારી છે.

દિવાળી બાદ કોરોનાના કેસ વધ્યા

દિવાળીના તહેવારો પૂર્ણ થતાં સૌરાષ્ટ્રમાં ફરી કોરોનાના કેસો વધ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર સૌરાષ્ટ્રમાં કોરોનાના એકસાથે ૧૧ કેસમાં સામે આવ્યા છે. જેમાં રાજકોટ શહેરના ૪, જુનાગઢ શહેરના ૩ અને ગ્રામ્યમાં ૨ તેમજ ભાવનગરના બે કેસોનો સમાવેશ થાય છે. મીડિયા રિપોર્ટ મુજબ રાજકોટમાં એક જ દિવસમાં નોંધાયેલા ૪ કેસોમાં દર્દીઓની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવાનું સામે આવ્યું છે. રાજકોટ મ્યુનિસિપલ કમિશનરના જણાવ્યા અનુસાર ભીડભાડવાળી જગ્યાઓ પર ટેસ્ટિંગ ચાલુ છે અને આગળ પર ટેસ્ટિંગ ચાલુ રહેશે. કોરોનાની રસીના બીજા ડોઝની વેક્સિન ડ્રાઈવ પણ વધારીશું અને ખાસ કરીને જેમની ટ્રાવેલ હિસ્ટ્રી હશે.

દાંતાના રાજવી મધુસૂદનસિંહના નિધનથી તાલુકામાં શોકની લાગણી

બનાસકાંઠા જિલ્લામાં આવેલ દાંતાના રાજવી મહારાજ સા. મધુસૂદનસિંહજી પરમારનું ૮૯ વર્ષની વયે નિધન થતાં સમગ્ર દાંતા તાલુકામાં અને બાપુના હજારો ચાહકોમાં શોકની લાગણી પ્રરસરી છે.

''મધુબના''ના હુલામણા નામથી લોકોમાં પ્રખ્યાત બનેલ રાજવીનો સ્વભાવ સરળ, સૌમ્ય અને મિલનસાર હતો. રાજકુમાર હોવાથી જહોજલાલી અને વૈભવમાં ઉછેર થયો હોવા છતાં આઝાદી પછી તેઓએ લોકો સાથે ખૂબ સારા સંબધો જાળવ્યા હતા. ગામડાના ઓછુ ભણેલા કે અભણ લોકો પણ તેમને સરળતાથી મળી શકે તે માટે આ રાજવીએ આઝાદી પછી પેલેસ છોડીને અંબાજી રોડ પર આવેલ પોતાના ફાર્મ સમદરિયા ખાતે કાયમી નિવાસ સ્થાન બનાવ્યું હતું. આ ફાર્મ પર ખૂબ સારી સંખ્યામાં લોકો-મુલાકાતીઓ આવતા હતા.

રાજવી હોવાનો કોઈ જ રૂઆબ કે ઘમંડ ન હોવાને કારણે લોકોમાં તેમની ભારે ચાહના હતી. દાંતા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે વર્ષો સુધી રહ્યા હતાં. રાજકીય સફરમાં તેઓ રાજ્યકક્ષાના વિવિધ હોદ્દોઓ ઉપર સેવાઓ આપી હતી. ગુજરાતમાં મખ્યમંત્રી તરીકેશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી શ્રી મધુસૂદનસિંહજી ભાજપમાં જોડાયા હતા. મધુબનાને લોકો તરફથી ભરપુર આદર, માન-

સન્માન અને પ્રેમ મળ્યો છે.

આ લોકપ્રિય રાજવીનું નિધન થતાં સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે. દાંતા નગરમાં સ્વયંભુ બંધ પાળવવામાં આવ્યો હતો. તેમના અંતિમ સંસ્કાર અંબાજી નજીક કોટેશ્વર ખાતે સરસ્વતી નદીના ઉદગમસ્થળ નજીક પવિત્ર જગ્યામાં કરવામાં આવ્યા ત્યારે લોકોએ અશ્રુભરી આંખે માનભેર પોતાના પ્રિય રાજવીને અંતિમ વિદાય આપી હતી.

બેસણુ ૧૧મીને ગુરૂવારે યોજાશે

તેમનુ બેસણુ તા.૧૧ નવેમ્બર-૨૦૨૧, ગુરૂવારના રોજ બાપુના જોડ ફાર્મ દીવડી દાંતા ખાતે સવારે- ૧૦ થી ૨ વાગ્યા સુધી રાખવામાં આવ્યું છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ નવા કેસ

રાજ્યમાં કોરોનાના કેસમાં ધીરે ધીરે વધારો થઈ રહ્યો છે. આજે રાજ્યમાં ૨૦ નવા કેસ સામે આવ્યા છે. ૨૮ દર્દી સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૪૮૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર પણ વધીને ૯૮.૭૫ ટકાએ પહોંચ્યો છે. સાંજે ચાર વાગ્યા સુધીમાં કુલ ૪,૮૬,૨૬૨ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. તહેવારોની સિઝન છતા સરકાર યુદ્ધનાં ધોરણે રસીકરણ કરી રહી છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૨૦૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૦૫ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૪૮૫ નાગરિકોએ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. ૧૦૦૯૦ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યા છે. જો કે આજે રાહતના સમાચાર કહી શકાય કે આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૪, વલસાડમાં ૩, રાજકોટ, વડોદરા, જુનાગઢ કોર્પોરેશનમાં ૨-૨ અને ગાંધીનગર કોર્પોરેશન, કચ્છ, નવસારી, સાબરકાંઠા, સુરત કોર્પોરેશન, સુરેન્દ્રનગર અને વડોદરા ૧-૧ કેસ નોંધાયા છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૭ ને રસીનો પ્રથમ જ્યારે ૭૩૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૮૭૪૯ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૧૧૪૨૯૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીનો ચમકારો

પરોઢે પ્રજા ગરમ વસ્ત્રોમાં લપેટાઈ : વિજયનગર પોળો વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી

બાયડ, તા. ૯

જિલ્લામાં દિપાવલી પર્વની વિદાય સાથે ઠંડી જોર પકડી રહી છે. લાભપાંચમના દિવસે પરોઢે ઠંડીનો ચમકારો હાવી થયો. ઠેકઠેકાણે તાપણા જોવા મળ્યા, સાબરકાંઠાના વિજયનગર પોળો વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી નોંધાયુ. જ્યારે આગામી દિવસોમાં તાપમાન વધુ નીચે જાય તેવી સંભાવના છે. ઠંડીનું જોર વધવુ તથા સિંચાઈ માટે ખેડૂતોને પાણી અપાતાં રવીવાકનું વાવેતર ગતિ પકડશે તેવું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં નવા વર્ષના આગમન પૂર્વે જ શિયાળાની હાજરી અનુભવાતી હતી. પાછલા ૪-૫ દિવસથી સમી સાંજથી પરોઢ સુધી ઠંડીનો ચમકારો જોવા મળ્યો.

રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવના અને વાદળો ગોરંભાતા ઠંડીની ગતિ ઉપર બ્રેક તથા રવી વાવેતર ઘોંચમાં પડવાની દહેશત વચ્ચે કમોસમી માવઠાનું સંકટ દૂર થયાનું હવામાન વિભાગે જાહેર કરતાં ખેડૂતોને રાહત થઈ પરંતુ કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીનો ચમકારો હવે હાવી થઈ રહ્યો છે.

ગત રાત્રિથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ઈડર, પોશીના, ખેડબ્રહ્મા, ભિલોડા, માલપુર, બાયડ તાલુકામાં ઠંડીનું જોર વધી રહ્યુ છે. જ્યારે ઠંડી વધતાં બટાકા, ઘઉં, વરીયાળી, જીરૂ, રાયડાનું વાવેતર કરવા ખેડૂતો અધીરા બન્યા છે. હવામાનમાં પલ્ટાવ ન આવે તો સપ્તાહના અંતમાં ભારે ઠંડીનો ચમકારો પ્રજાને ફરજીયાત ગરમ વસ્ત્રોમાં લપેટી શકે છે.

સાબરકાંઠા એસ.ટી. ડિવીઝનને દિવાળી વેકેશન લાભમાં રહ્યુ

૭ દિવસમાં વધારાની એસ.ટી. દોડાવતાં ૨૯ લાખની આવક : ખોટનો ખાડો પુરવાનો પ્રયાસ

બાયડ, તા. ૯

દિવાળી વેકેસનમાં પાછલા ૭ દિવસ દરમ્યાન સાબરકાંઠા એસ.ટી. ડીવીઝન

દ્વારા વધારાની ૧૦૦૦ ટ્રીપ દોડાવી રૂ. ૨૯ લાખની આવક મેળવી એસ.ટી. નિગમનો ખોટનો ખાડો પૂરવા ખિસકોલીરૂપ મદદગારીનો પ્રયાસ કર્યા. દિવાળી ટાંકણે ગામડાંના રૂટ આડેધડ બંધ કરી વધુ આવક મેળવવાના અભરખામાં એસ.ટી. તંત્ર સામે ગામડાંના મુસાફરોનો રોષ વ્યાજબી જણાઈ રહ્યો છે.

જિલ્લામાં બાંધકામ, ઈંટવાડા, સીરામીક, ફેક્ટરી સહીતના વિસ્તારોમાં કામ કરતા પંચમહાલ, દાહોદ, ગોધરા, નવસારી, વલસાડ, સુરતના શ્રમિકોને વતન જવા માટે સાબરકાંઠા એસ.ટી. ડીવીઝન દ્વારા ૮ બસ મથકોમાંથી સંખ્યાબંધ ટ્રીપ દોડાવી હતી જેના કારણે સતત ખોટ કરતા વિભાગને શ્રમીકોના રૂપમાં મુસાફરો મળતાં સારી આવક મળી. પાછલા ૭ દિવસ દરમ્યાન જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ભિલોડા, બાયડ, માણસા ડેપોની બસ દોડાવી રૂ. ૨૯ લાખની નોંધપાત્ર આવક થયાનું એસ.ટી. વિભાગના વડા ગજેન્દ્રભાઈ ગોસ્વામીએ જણાવ્યુ છે. જ્યારે સતત ૭ દિવસ હિંમતનગર, ભિલોડા, બાયડ એસ.ટી. ડેપોના સંખ્યાબંધ ગ્રામ્ય રૂટો આગોતરી જાણકારી વગર બંધ કરાતાં કાયમી મુસાફરો, પાસધારકો, ફેરીયા મુશ્કેલીમાં મુકાયા હતા. પાસ ધારકોને અગવડતા પડતાં કેટલાક જાગૃત એસ.ટી.ના મુસાફરો બસ ડેપોના જવાબદારો સામે કાનૂની કાર્યવાહી કરવાનું વિચારી રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં લાભ પાંચમથી ધંધા - રોજગાર ફરી ધમધમ્યા...

બજારોમાં ઘરાકી-વેપારીઓ ઉત્સાહીત, નવા વર્ષ ઉપર વધુ આશા

બાયડ, તા. ૯

મંગળવારે લાભપાંચમના દિવસથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના નાના-મોટા તમામ ધંધા રોજગાર શુભ મુહૂર્તમાં

ફરી ધમધમતા તથાં દીવાળીના મીની વેકેશનમાં સુમસામ લાગતા બજારો ફરી જીવંત જોવા મળ્યા. બપોર બાદ બજારોમાં સારી ઘરાકી જોવા મળી. સપ્તાહના અંતથી લગ્નસરાની સીઝન શરૂ થઈ રહી છે તેથી વેપારીઓ વધુ ઉત્સાહીત જણાઈ રહ્યા છે. નવા વર્ષ ઉપર વેપારીઓએ મોટી આશા રાખી છે.

દીવાળી પર્વ ધારણા કરતાં ઘણું સારૂ રહ્યુ. ડચકા ખાતા અનેક વેપાર-ધંધાને નવુ જોમ મળવાની સાથે અનેક વેપારીઓ આર્થિક મંદીમાંથી બેઠા થાય તેવો વેપાર થયો. તમામ ધંધાર-રોજગારમાં કાળી ચૌદસના દિવસથી બમ્પર ઘરાકીના કારણે લગભગ તમામ ધંધાર્થીઓને એકંદરે સારી આવક મળી. જ્યારે દિપાવલી નિમિત્તે પ્રજાએ કરોડોની કિંમતના ફટાકડા-મીઠાઈ-ફરસાઈ-તૈયાર કપડાં ખરીદી વેપારીઓને ખુશખુશાલ કરી દેતાં ગુજરાતની પ્રજા કેટલી ઉત્સવ પ્રિય છે તેની અનેક વેપારીઓને ફરીથી પ્રતિતિ થઈ. જિલ્લાના મોડાસા-હિંમતનગર-ઈડર-તલોદ-પ્રાંતિજ-ભિલોડા-ખેડબ્રહ્મા-બાયડ-વિજયનગરના બજારોમાં વધતી ઘરાકીથી અનેક વેપારીઓ એટલી હદે હરખાયા કે છેલ્લી ઘડીએ ગ્રાહકો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરી ગ્રાહકને ભગવાનનું સ્વરૂપ માની લીધા. જિલ્લામાં દિપમાલા પર્વ દરમ્યાન ફટાકડા, મીઠાઈ, ઝૂવેલરી, ગારમેન્ટ, કરીયાણા, ફૂટ બજારમાં અંદાજીત રૂ. ૬૦ કરોડથી વધુનો ધંધો થયાની સંભાવના છે. ઓટો બજારમાં પણ રૂ. ૩૦ કરોડથી વધુની કિંમતના નવા-જૂના વાહનોની ખરીદી થયાનો અંદાજ મુકાયો છે.

પાટણ જિલ્લાના દાંતકરોડી ગામે એક દાયકાથી યોજાય છે સમૂહ દિવાળી

મહેસાણા-રાધનપુર રોડ પર મહેસાણાથી ૨૦ કી.મી.ના અંતરે આવેલ પાટણ જિલ્લાના દાંતકરોડી ગામે છેલ્લા એક દાયકાથી સૌથી અનોખી એવી સમૂહ દિવાળી યોજાય છે. ૩૦૦ પરિવારો ધરાવતા આ નાનકડા ગામમાં ૧૨૦ જેટલા પાટીદાર પરિવારો છે. આ ગામમાં ખેતી માટે આ પરિવારો પાસે જમીન ખૂબ ઓછી હોવાથી મોટાભાગના પાટીદારો અભ્યાસ કરીને વ્યવસાય માટે ગામ છોડીને મોટા શહેરાઓમાં કે વિદેશમાં સ્થાયી થયા. હાલમાં માત્ર ૧૫ થી ૨૦ જેટલાજ પાટીદાર પરિવારો ગામમાં રહે છે.

જે લોકો ગામ છોડીને દેશ વિદેશ રહે છે તેઓ ગામની માટી સાથે જોડાયેલા રહે અને માદરે વતનને ભૂલીન જાય તથા નવી પેઢીને ગામ ઓળખતું રહે તે શુભ આશયથી છેલ્લા ૧૦ વરસથી સમૂહ દિવાળી કરવામાં આવે છે. દિવાળીમાં લોકો તેમના પરિવાર સાથે બહાર ફરવા જતાં હોય છે,જ્યારે આ ગામમાં પરિવારો પાંચ દિવસ માટે પોતાના વતનમાં આવે છે અને તમામ પરિવારો સમૂહમાં આનંદથી દિવાળી ઉજવેછે. દિવાળીના દિવસોમાં ઘરની મહિલાઓ આખો દિવસ રસોઈ બનાવવામાં વ્યસ્ત હોય છે. અહી તેમણે પાંચ દિવસ રસોડાથી મુક્તિ મળે છે. જે લોકો ઘરે આવ્યા હોય તે તમામની ભોજન વ્યવસ્થા સમૂહમાં હોય છે.સવારનો ચા-નાસ્તો,બપોરનું ભોજન,બપોરની ચ્હા કે સાજનું ભોજન બધાય દિવસ એક જ રસોડે હોય છે.

દિવાળીના દિવસોમાં દરરોજ બાળકો,વડીલો,યુવાનો અને બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ રાખવામા આવે છે. જેમાં પરિવાર પરિચય, વડીલો પાસેથી તેમણે કરેલ સંઘર્ષ ની વાતો, બાળકો માટે દેશી રમતો જેમાં ગિલ્લી દંડા, ભમરડા,લખોટીની રમત, દોરડા ખેચ, સાતેલી,આંધળું ચાકાળું વગેરે રમતો રમાડવામાં આવેછે. રાત્રે સાંસ્કુતિક કાર્યક્રમો, નવદંપતિઓ માટે ની રમતો, ગરબા, કાગ માગડી બનાવવાની તાલીમ, નવા વર્ષે મહાઆરતી, સ્નેહ મિલન, ગામના પુરાણી દ્વારા પંચાંગ વાંચન, વન ભોજન જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેછે. આ ગામના વતની એવા ડો. છગનભાઈ એ ૧૦૦ વર્ષ નું આયુ પૂરું કરતાં કેક કાપી ૧૦૦ વરસના વધામણાં કર્યા હતાં. આઝાદી પહેલા આ વિસ્તારમાં ડોક્ટર બનનાર છગનભાઈ પહેલા વ્યક્તિ હતા જેમણે ડભોઇ પાસેના કડોદરા ગામ ખાતે ૩૫ વરસ સેવાઓ આપી. હાલમાં તેઓ અમેરિકા રહે છે.